Azadi Ka Amrit Mahotsav

જા.નં/મા-૨/૨૦૨૨ / ૧૫૮૨૩

જિલ્લાશિક્ષણાધિકારી કચેરી,
એ-૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા. ૨૪ /૦૮/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ મા અને ઉ.મા.શાળાઓ
સુરત શહેર

વિષય :- i – Follow Campaign -૨૦૨૨ અંતર્ગત શાળાઓમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા બાબત

સંદર્ભ :-નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક,સેક્ટર-૨,સુરત શહેર અઠવાલાઇન્સ,સુરતના પત્ર ક્રમાંક/ટ્રાફીક/આરબી/૨૬૭૯/૨૦૨૨ તા.૧૯/૦૮/૨૦૨૨

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક/મા-૨/૨૦૨૨/૧૫૭૭૯ તા.૨૩/૦૮/૨૦૨૨

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે લોકોના અમુલ્ય જીવન બચાવવા તેમજ ટ્રાફિકના નિયમોથી માહિતગાર કરી લોકો ટ્રાફિકનાં નિયમોનું ચુસ્તપણે પાલન કરે તે સારું સુરત શહેર ટ્રાફિક શાખા દ્વારા હાલમાં i – Follow Campaign -૨૦૨૨ ચાલુ છે, તે અંતર્ગત સુરત શહેરની શાળાઓમાં ટ્રાફિક અવેરનેસનાં વિવિધ વિષયો જેવા કે, " હેલ્મેટ પહેરવું " સીટ બેલ્ટ બાંધવો " થીમ આધારિત ચિત્ર સ્પર્ધાનું આયોજન તા.૨૯,૩૦ ઓગષ્ટ-૨૦૨૨ નાં રોજ કરવા સંદર્ભ-૨ નાં પત્રથી જણાવવામાં આવેલ છે, તે મુજબ પ્રથમ ૩ (ત્રણ) વિજેતાનાં ચિત્ર અને નામ ક્યુડીસી કક્ષાએ તા.૩૦/૦૮/૨૦૨૨ નાં રોજ આપવાના રહેશે.ક્યુંડીસીએ તમામ શાળામાંથી આવેલ ચિત્ર માંથી ત્રણ ચિત્ર અને નામ એસ.વી.એસ.કક્ષાએ તા.૦૧/૦૯/૨૦૨૨ નાં રોજ મોકલવાના રહેશે.એસ.વી.એસ એ તમામ ક્યુંડીસી માંથી આવેલ ચિત્ર અને નામમાંથી પ્રથમ ત્રણ નંબર આપવાના રહેશે. એસ.વી.એસ.એ આ વિજેતાની યાદી બનાવી તા.૦૨/૦૯/૨૦૨૨ નાં રોજ સુરત ડી.ઇ.ઓ.ઉપર મેઈલથી મોકલી આપવાના રહેશે.

**નોંધ :-સદર ચિત્ર ૧૨*૧૮ સાઈઝના ડ્રોઈંગ પેપર ઉપર તૈયાર કરવાના રહેશે.**

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત,જિ-સુરત